વ્યંગ વિશ્વ

- દિપેશ પરમાર

કલાગુર્જરી દ્વારા બીજી ઑક્ટોબરે ગાંધીજીને ભાવાંજલીનો કાર્યક્રમ

ખ્યાતનામ ભજનીક હેમંત ચૌહાણ પ્રાર્થના, ભજનો અને પ્રભાતિયાંથી ગાંધીજીને ભાવાંજલી આપશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર ટાઉનહૉલ સામેની લોનમાં બીજી ઑક્ટોબર ને મંગળવારે ગાંધી જન્મ જયંતિની ભાવાંજલીનો કાર્યક્રમ સવારે ૬.૩૦ થી ૮.૩૦ વાગ્યા સુધી કલાગુર્જરી સંસ્થાના ઉપક્રમે યોજાશે. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૪૪મી જન્મજયંતિ અને વિશ્વ અહિંસા દિન નિમિત્તે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ગાંધીપ્રેમી જનતા માટે ગાંધીજીનાં પ્રિય પ્રાર્થના અને ભજનોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. બીજી ઑક્ટોબરે યોજાનાર આ શ્રધ્ધાંજલીના કાર્યક્રમ માટે આ વખતે ખ્યાતનામ ભજનીક હેમંત ચૌહાણ પ્રાર્થના, ભજનો અને પ્રભાતિયાંથી ગાંધીજીને ભાવાંજલી આપશે. આ કાર્યક્રમ દરમ્યાન ગાંધીજીના જીવન ઉપયોગી સાહિત્યનું વેચાણ પણ રાખવામાં આવેલ છે. પ્રેમ અને સદ્‌ભાવનાના તંતુને મજબૂત કરવાના આ કાર્યક્રમમાં નગરની ગાંધીપ્રેમી જનતાને ભાવભીનું આમંત્રણ કલાગુર્જરીના મહેન્દ્ર ત્રિવેદી અને એન પી પટેલે પાઠવ્યું છે. ગાંધીજીના નામ પરથી રચાયેલા ગાંધીનગરમાં ગાંધીવંદના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સૌ ગાંધીપ્રેમીઓને કલા ગુર્જરી દ્વારા અપીલ કરવામાં આવી છે.

સાયકલ મારી સ...ર...ર... ર... જાય!!

સંઘર્ષમાં સાયકલ ચલાવી સંપત્તિને વરેલા સ્વાસ્થ્ય માટે ફરી સાયકલ તરફ વળ્યા

ગાંધીજી અને સાદગીને સીધા સંબંધ છે. બીજી ઑક્ટોબરે આપણાં સૌના પ્યારા મહાત્મા ગાંધીની ૧૪૪મી જન્મ જયંતિ છે અને પ્રતિ વર્ષની જેમ જ આ વર્ષે ટાઉન હોલની સામે ગાંધીજીને પ્રિય એવાં ભજનો અને પ્રાર્થનાથી એમને ભાવાંજલી અર્પવામાં આવશે... ગાંધીજીને સાયકલ પણ અતિ પ્રિય હતી અને આજના દિવસે સાયકલ ચલાવવાની સૌને જરૂરીયાત પણ ઉભી થઈ છે... અઠવાડીયે એકાદવાર સાયકલ ચલાવોના અભિયાનની શરૂઆત ગાંધી જન્મ જયંતિના દિવસથી શરૂ થઈ રહી છે અને એની શરૂઆત એ સાયકલ મહાયાત્રાથી ગાંધીનગર વાસીઓ કરશે.. સાયકલનો સુવર્ણયુગ ફરી આવી રહ્યો છે ત્યારે એની અતિતની યાદોની કેટલીક ખટમીઠી વાતો મજા કરાવશે...

પચાસેક વર્ષ પહેલાં સાયકલ ઘરમાં હોવીએ પણ સમૃદ્ધની નિશાની કહેવાતી, બજાજ- લેમ્રેટા - એલ.એમ.એલ. જેવા સ્કુટરોનું એ વખતે બુકીંગ કરાવવું પડતું અને ફિયાટ કે ઍમ્બેસેડર કાર એનો મોટો મીલમાલિક કે અધિકારી પાસે જ જોવા મળે.. સાયકલ માંય રેલ, એવન, હરક્યુલીસ, અંબર અને એટલાસનો જમાનો, સાઈઝ મળે ૨૨ કે ૨૪ની અને લેડીઝ સાયકલ, બસ ત્રણ જ ઓપ્શન શરૂ શરૂમાં તો માત્ર કાળી સાયકલ જ મળતી જે જતે દિવસે ગ્રીન અને રેડ શેડમાં મળતી થયેલી.. અત્યારે તો સાયકલ સવાર મોટે ભાગે એકલોજ દેખાય પણ ત્યારે લગભગ ડબલ સવારી કૉમલ હતી. ત્રણ કે ચાર સવારી પણ સાયકલ પર થતી અને પેન્ટ ચૅઈનમાં ભરાઈ ફાટી કે કાળું ના થાય એ માટે રીંગો પણ ભરાવાતી!!

સાયકલ રીપેરીંગના ગલ્લાં કે પછી ઝાડ નીચે ડબ્બા લઈ બેઠેલાંના દેશ્યો સામાન્ય હતાં. હવા પુરવાનાં ૫ પૈસા અને પંકચરના ૨૫ પૈસા તો ખૂબ જ કહેવાતા અને એ વખતે બાળકો- વિદ્યાર્થીઓ સાયકલો ભાડે ફેરવતાં એ પણ ૨૫ પૈસે કલાકના હિસાબે અને એમાંય મનગમતી સાયકલ મેળવવા નામ નોંધાવવું પડે... ક્યારેક પરિવાર સાથે બહાર જવાનું હોય તો ઓળખીતાની સાયકલ માંગવી પડે અને ના મળે તો ભાડેથીય લાવવી પડે!! દૂધવાળા, ફેરીયાઓ મોટ મોટાં ત્રણ- ચાર કેન ભરાવી દૂધ આપવા ઘરે ઘરે ફરે અને સવાર સવારમાં ઘંટડી વગાડી ઘરાકને જગાડે!! કેટલાંય પરિવારો નવી સાયકલ ખરીદી શકે એવી પરિસ્થિતીમાં નહોતાં એટલે સેકન્ડમાં સાયકલ લાવે અને તોય લોકોને હોંશથી પેંડા વહેંચતા.. નાના બાળકોને સાયકલ પર બેસાડવા નાની સીટ કે પથી ગવંડર પર ભરાવવાનું ખાસ સ્ટેન્ડ બનાવતાં જેથી નાના ટેણીયા ત્યાં બેસી સાયકલ સવારી કરી શકે.. અઠવાડિએ એકાદ વાર પપ્પા સાયકલનો આંટો મરાવે તોય બચ્ચાં ખુશ થઈ જતાં અને છોકરાંઓ હાઈસ્કુલમાં જાય ત્યારે એકાદવાર સાયકલ દિકરાને આપે તો સ્કુલમાંય વટ પડી જતો.. ચૅન ઉતરી જવી. ફ્રી વ્હીલ છટકવું, વાલ ટ્યુબ ફાટવી, ટ્યુબમાં ભડાકો થવો જેવાં પ્રોબ્લમ કાયમી રહેતાં અને નવરાત્રીમાં સાયકલની ઘંટડી ચોરવાની ઘટનાઓ સામાન્ય કહેવાતી !! સાયકલ ચલાવવામાં કોઈ નાનમ ના અનુભવતું અને શિક્ષકો- અધિકારીઓ પણ સાયકલો લઈને જતાં.. સ્લો સાયકલીંગ સ્પર્ધા કે સાયકલ રેસ એ મનગમતી સ્પર્ધા ગણાતી. સાયકલ પર દિલ્હી સુધીનો પ્રવાસ થતો.. સાયકલ લઈને ચના જોર ગરમ કે ગાદલાં ભરવાવાળાં આવતાં અને મજાથી ધંધો પણ કરતાં, સાયકલ પર છાપાનાં ફેરિયા સિવાય મોટા ભાગનાએ હવે પોતાનો ધંધો કાં તો વ્હીકલ બદલી નાંખ્યાં છે!! આજે જેમ બાઈક કે કારમાં બેસવાં લિફ્ટ મગાય છે એમ ત્યારે સાયકલ માટે લિફ્ટ મગાતી અને લિફ્ટ લેનારે સાયકલ ચલાવવી પણ પડતી!! કેટલાંક બહાદુરો સાયકલ ચલાવતાં ટ્રેકટરને પકડી લેતાં જેથી પેડલના મારવાં પડે... નાના બાળકોને મોટે ભાગે એટલા માટે સાયકલ ચલાવવાં અપાતી જેથી એમની હાઈટ વધે.. સાયકલ દ્વારા અંગ કસરતના દાવ કરનારાંના શૉ થતાં અને સળંગ ૨૪ કલાક કે તેથી વધુ સાયકલ ચલાવવી અને સાયકલ પર ચા-નાસ્તો- જમણ વગેરે કરવું જેવાં કરતબો થતાં... સાયકલ દાંતથી ઉંચકવાના કે એક સાયકલ પર બીજી સાયકલ ઉંચકીને ચલાવવી જેવાં ખેલ થતાં... નુકક્કડ સિરીયલમાં સાયકલ ચલાવવાની વાત પર જ ત્રણ હપ્તા ખેંચી નાંખેલા!!

સાયકલનું ટાયર લઈને એને દોડાવવાની અને લોખંડની રીંગને સળીયો ભરાવી દોડવાતાં દેશ્યો તો આજે ભૂલથી યે જોવા મળતાં નથી.. સાયકલનાં પાછલાં ટાયરનું સ્ટમ્પ બનાવી ક્રિકેટ રમાતું અને સાયકલ લંગડી કરી ચલાવવી કે દંડા નીચેથી પગ નાંખી ચલાવવી, છુટ્ટા હાથે ચલાવવી, પગ કુદાડીને ચઢવું જેવાં પરાક્રમો તો સૌને કરવાં ગમતાં... મિત્રો વચ્ચે બબાલ થાય તો એકબીજાની સાયકલની હવા કાઢવાના કારસ્તાનોય થતાં!! સંઘર્ષના સમયમાં સૌ સાયકલ ચલાવીને જ સંપત્તિવાન થયાં છે અને સૌ ગર્વ અનુભવે છે!!

આજે સાયકલનું ચક્ર ફરી ચૂક્યું છે અને ફરીથી સાયકલ ચલણમાં આવે એવું સ્પષ્ટ દેખાઈ છે કારણ કે પહેલાં સાયકલથી ગાડી સુધી પહોંચવાનું લક્ષ્ય હતું હવે ગાડી આવી જતાં બેઠાડું જીવન અનેક રોગોને સ્કીમમાં લઈને આવ્યું છે અને સ્વાસ્થ્ય મેળવવાં ફરી સાયકલ સવારી તરફ લોકો વળવાં લાગ્યાં છે. છેલ્લાં કેટલાંક સમયમાં પેટ્રોલનાં ભાવમાં થયેલાં ભડકાથી ભલભલા લોકો નાના કે નાગણ્ય કામ માટે બાઈક-કારની જગ્યાએ સાયકલ વાપરતાં કે વાપરવાની ચર્ચા કરતાં થઈ ગયાં છે... સાયકલનો અસ્તાતાએ ગયેલો સુર્વણયુગ ફરી આવી રહ્યો છે!!

સાયકલ એ શ્રેષ્ઠ કસરત છે. રોજ એક કલાક સાયકલ ચલાવવાથી ૬૦૦ કેલરી બળે છે. જો એક પરિવાર દરરોજ નજીકના સ્થળોએ જવા આવવા માટે સાયકલનો ઉપયોગ શરૂ કરે તો પરિવાર દીઠ ૩-૪ લીટર પેટ્રોલની બચત થઈ શકે.. માત્ર ગાંધીનગર શહેરનાં પચાસ હજાર પરિવાર અઠવાડિયે ૨ લાખ લીટર પેટ્રોલ બચાવીને દોઢ કરોડ રૂપિયાનાં પેટ્રોલની બચતમાં સહભાગી બની શકે.. નિયમિત સાયકલ ચલાવવાથી પેટ્રોલની બચતની સાથે સાથે સ્વાસ્થ્ય અને પર્યાવરણ જાળવણીમાં આપણે ખૂબ મોટી મદદ કરી શકીએ!!

ચૂંટલો : શરમ છોડો, સાયકલ અપનાવો, અઠવાડિયે એકવાર સાયકલ ચલાવવાથી આપણાં ઘરની આર્થિક પરિસ્થિતિતો સુધરશે જ પેટ્રોલીયમ માટે ખર્ચાતું દેશનું અબજો રૂપિયાનું વિદેશી હુંડિયામણ પણ બચશે.. ટીપે ટીપે સરોવર ભરાય, સાયકલ ચલાવો બીજાને ચલાવવાં પ્રોત્સાહિત કરો અને દેશની બચતનું એક ટીપું બન્યાનું સૌભાગ્ય પ્રાપ્ત કરો.

- સંજય થોરાત

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજાઈ

પ્રેરણા વિદ્યાલયની ટીમ પ્રથમ ક્રમે વિજેતા : રાજ્યકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે

તસવીર : દિપક જાની

ગાંધીનગર, તા. ૩૦

નેશનલ કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ મ્યુઝીયમ-મુંબઈ, નહેરુ સાયન્સ સેન્ટર-મુંબઈ, ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી-ગાંધીનગર તથા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગર જિલ્લાની માધ્યમિક શાળાઓ માટે સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાની ૭ શાળાઓએ ભાગ લીધો હતો, જેમાં પ્રેરણા વિદ્યાલય, સેક્ટર-પની ટીમ પ્રથમ ક્રમે વિજેતા જાહેર થઈ હતી. આ ટીમ આગામી દિવસોમાં રાજ્યકક્ષાની સ્પર્ધામાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

પ્રેરણા વિદ્યાલય દ્વારા આ સ્પર્ધામાં 'દેખા એક ખ્વાબ' નામક નાટક રજૂ કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં દ્વિતિય ક્રમે સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ, સેક્ટર-૮ રહી હતી, જેના વિદ્યાર્થીઓએ 'અક્ષય ઊર્જા' નામક નાટકની રજૂઆત કરી હતી. તૃતિય ક્રમ માઉન્ટ કાર્મેલ સ્કૂલ તથા એસ એસ ચૌધરી સેકન્ડરી સ્કૂલ, માણસા બંનેને મળ્યો હતો, જેમણે અનુક્રમે 'લાઈફ એન્ડ વર્ક્સ ઓફ સાયન્ટીસ્ટ' અને 'એનર્જી ક્રાઈસીસ' વિષયે નાટકોની રજૂઆત કરી હતી.

સ્પર્ધામાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને આમંત્રિત મહેમાનો દ્વારા પ્રમાણપત્રો આપવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે આચાર્યા સ્વાતિબા રાઓલ, નીતાબેન શાહ તથા નિસર્ગના મેનેજિંગ ટ્રસ્ટી અનિલભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે હસમુખ મેકવાન અને કુંતલ નિમાવત દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી. હસમુખ મેકવાને વિદ્યાર્થીઓને રાજ્ય સ્તરની સ્પર્ધા માટે નાટકને કઈ રીતે સારું બનાવી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા નિસર્ગના કો-ઓર્ડીનેટર હાર્દિક મકવાણા, હાર્દિક ભટ્ટ તથા શિવાંગ પટેલે ભારે જહેમત ઊઠાવી હતી.

સરકારી વિજ્ઞાન કૉલેજ દ્વારા વિદ્યાર્થીઓ માટે ઈન્ટરક્લાસ ટેબલ ટેનિસ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૩૦

સરકારી વિજ્ઞાન કોલેજની સઙ્ઘ ધારા અંતર્ગત ખેલકૂદ યોગ અને વ્યાયામ ધારા દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ માટે ઈન્ટરક્લાસ ટેબલ ટેનિસ -તિયોગીતાનું આયોજન તા. ૨૮/૦૯/૨૦૧૨ ને શુક્રવારનાં રોજ કરવામાં આવેલ. ટેબલ ટેનિસ સ્પર્ધામાં કૂલ ૧૪ સ્પર્ધકોએ આ -તિયોગીતામાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ. -તિયોગીતાનું સમગ્ર આયોજન ખેલકૂદ યોગ અને વ્યાયામ ધારા નાં કો-ઓર્ડિનેટર તેમજ કોલેજની જીમખાના સમિતિના અધ્યક્ષ ને. વાય.એમ. પટેલ તેમજ ને. એન.બી.ખાચર દ્વારા કરવામાં આવેલ. -તિયોગીતાનું ઉદઘાટન કોલેજના આચાર્ય કુ. -જ્ઞાબેન એ. વાઢેર તેમજ ને. પી.એસ.પટેલનાં હસ્તે કરવામાં આવેલ. તેમણે સ્પર્ધકોને -તિજ્ઞા વાચન કરાવીને -તિયોગીતાને ખુલ્લી મુકેલ.

સ્પર્ધકો વચ્ચે વિવિધ રાઉન્ડ, સેમિફાઈનલ અને ફાઈનલ મેચનાં અંતે નીચેના વિજેતાઓએ -થમ ત્રણ સ્થાન હાંસલ કરેલ. તમામ વિજેતાઓને કોલેજના આચાર્ય કુ. -જ્ઞાબેન એ. વાઢેર, ને. પી. એસ. પટેલ તેમજ જીમખાના સમિતિના અધ્યક્ષ -ા.શ્રી. વાય.એમ. પટેલે અભિનંદન પાઠવેલ.

આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કનક ચૌધરી, દ્વિતિય ક્રમે કિરણ ચૌધરી અને તૃતિય ક્રમે રવિ પટેલ વિજેતા બન્યા હતા.

આજે આપણે ભવિષ્ય કાળનો અભ્યાસ કરીએ

॥ અગ્યારમો મણકો ॥

આપણે આજે ભવિષ્યકાળનો બીજો પ્રકાર ચાલુ ભવિષ્યકાળ (**Future continuous**)

ઉપયોગ : ભવિષ્યમાં અમુક સમયે બનનારા કોઈ ક્રિયા ચાલુ હશે તેમ દર્શાવવા આ કાળ વપરાય..

e.g. 1. Lata will be singing in the morning tomorrow.

2. I Shall be walking

હવે, ચાલુ ભવિષ્યકાળના હકારના રૂપો જોઈએ.

To Play = રમવું

Singular	plural
1. I shall be playing.	**we shall be playing**
હું રમી રહ્યો હોઈશ	અમે રમી રહ્યા હોઈશું
2. You will be playing	**You will be playing**
3. He will be playing	**They will be playing**
she will be playing	
It will be playing	

To play = રમવું

Singular	Plural
1. Shall I be playing?	**Shall we be playing?**
શું હું રમી રહ્યો હોઈશ?	શું અમે રમી રહ્યા હોઈશું ?
2. Will you be playing?	**Will you be playing?**
3. Will he be playing?	**Will they be playing?**
Will she be playing?	
Will it be playing?	

નોંધ : પ્રશ્નાર્થ ચાલુ ભવિષ્યકાળના રૂપો બનાવવા માટે વાકયની શરૂઆત **Shall** કે **Will** થી કરી સર્વનામ **+ be + ing** વાળું રૂપ મુકાય. - નકાર રૂપ બનાવવા માટે **Will** કે **Shall** પછી **not** મુકાય.

- આ કાળ ભવિષ્યમાં બનનારા આયોજીત ક્રિયા માટે પણ વપરાય છે.

e.g. They will be doing their work till 6 O'clock

પ્રશ્નાર્થ રૂપો

આવો અંગ્રેજી શીખીએ

- ચેતના ભુચ

મિત્રો, આવી રીતે **To Sing =** ગાવું,

To take = લેવું ના હકાર, પ્રશ્નાર્થ અને નકારના રૂપો ચાલુ ભવિષ્યકાળમાં બનાવી મહાવરો કરો.

- ગુજરાતીમાંથી અંગ્રેજીમાં રૂપાંતર કરો.

૧. આવતીકાલે પાંચ વાગે સાંજે હું મેચ રમી રહ્યો હોઈશ.

૨. હું કાલે બપોરે ટીવી જોઈ રહી હોઈશ.

૩. અમે સાંજ સુધી ત્યાં બેઠા હોઈશું

૪. તેઓ આવતીકાલે રસ્તામાં હશે.

તો આજે આપણે મુખવાસ વિષયક નવા શબ્દોનો પરિચય મેળવીએ.

મુખવાસ - Mouth Freshner

Betelnut (બીટલનટ) સોપારી
Cinnamon (સીનેમન) તજ
Aniseed (એનીસીડ) સુવા
Comfat (કોમ્ફેટ) ઈલાયચી
Catechu (કટેચુ) કાથો

કેટલાક ગ્રંથોમાં જુદા જુદા પશુ-પક્ષીઓના અવાજોના આધારે સ્વરોની ઉત્પત્તિનું વર્ણન જોવા મળે છે

સંગીત દર્શન

- ડો. ગૌરાંગ ભાવસાર

ભારતીય વિદ્વાનોએ સંગીતને હૃદયગત ભાવોના ઉદ્‌ઘાટનનું સબળ સાધન માન્યું છે. પ્રાણીમાત્રમાં રૂદન, ચિત્કાર અને હાસ્ય વગેરે ક્રિયાઓથી ઉત્પન્ન ધ્વનિઓ નિસવાદ રૂપથી એક જેવી જ છે. વિભિન્ન ભાવોને ઉત્પન્ન કરવાવાળા આ જ ધ્વનિઓ સંગીત ઉત્પત્તિનું મૂળ કારણ છે. સંગીતના મૂળમાં સ્વરો જોડાયેલા છે. ભારતીય પ્રાચીન ગ્રંથોમાં સ્વરોની ઉત્પત્તિનું રોચક વર્ણન મળે છે. કહેવાય છે કે કોહફાક નામના એક પક્ષીની ચાંચના સાત છિદ્રોમાંથી જે સાત પ્રકારના ધ્વનિ નીકળે છે એની ઉપરથી સંગીતના સાત સ્વરોની ઉત્પત્તિ થઈ.

ફારસીની એક કથામાં લખ્યું છે કે પ્રાચીન કાળમાં એક સમયે હજરત મૂસા પૈગમ્બર નાવમાં સફર કરી રહ્યા હતા ત્યારે તેઓએ એક પથ્થર જોયો, ત્યાં જ અચાનક બ્રાઈલ નામક ફરિશ્તા આવ્યો અને મુસાને તે પથ્થર હંમેશા સાથે રાખવાનું કહ્યું. થોડા સમય પછી એક દિવસ હજરત મુસા જંગલમાં પરવા નીકળ્યા હતા ત્યાં તેઓને તરસ લાગી પરંતુ પાણી મળ્યું નહીં, તરસ વધવા લાગી. તેઓએ ભગવાનને બંદગી કરી જેના ફળસ્વરૂપે વરસાદ વરસવા લાગ્યો અને તેઓની પાસે રહેલા પથ્થરના સાત ટૂકડા થઈ ગયા અને આ સાત ટૂકડામાંથી પાણીની સાત ધારાઓ વહેવા લાગી, આ સાત ધારાઓમાંથી નીકળતા ધ્વનિ દ્વારા સંગીતના સાત સ્વર બન્યા તેવી દંતકથા અનેક ગ્રંથોમાં જોવા મળે છે.

કેટલાક ગ્રંથોમાં જુદા જુદા પશુ-પક્ષીઓના અવાજોના આધારે સ્વરોની ઉત્પત્તિનું વર્ણન જોવા મળે છે. તે ઉપરાંત પ્રત્યેક સ્વરોના અધિષ્ઠ દેવતાઓ, અને ગ્રહો, રંગો, રત્નો, વાહનો અને સમય પણ વર્ણવવામાં આવ્યા છે. સંગીતનો પ્રથમ સ્વર 'સા' અર્થાત્ 'ષડજજની ઉત્પત્તિ મયુર પક્ષીના અવાજના આધારે થયેલી માનવામાં આવે છે. 'સા' સ્વરનો અધિષ્ઠ દેવતા અગ્નિ છે, એનો રંગ આછો ગુલાબી છે, એનો ગ્રહ ચંદ્ર છે, મોતી એનું રત્ન આભૂષણ છે. અગ્નિકુંડ એનું ચિન્હ છે અને એના ગાયન માટે ઋતુ કે સમય -કાળનું કોઈ બંધન કે મર્યાદા નથી એટલે 'સા' સર્વકાલિન સ્વર મનાય છે.

'ર' એટલે 'રિષભ' આ સ્વરની ઉત્પત્તિના બળદના ધ્વનિના આધારે થયેલી છે. કેટલાક વિદ્વાનો 'રે'ની ધ્વનિ ચાતક પક્ષીના સ્વરના આધારે પણ માને છે. આ સ્વરનો દેવતા બ્રહ્મા છે, એનો રંગ પીળાશ પડતો લીલો છે. એનો ગ્રહ બુધ છે, રત્ન પન્ના છે. એનું ચિન્હ ત્રિમૂર્તિ છે, વસંત ઋતુની પ્રકાશિત સવાર એના ગાયન વાદનનો સમય ગણાય છે.

'ગ' અર્થાત્ 'ગંધાર' આ સ્વરનો રંગ ઘઉંવર્ણો છે, બકરાની ધ્વનિ પર આધારિત અને શુક ગ્રહથી પ્રકાશિત છે. હીરો એનું રત્ન છે. મા સરસ્વતી આ સ્વરની અધિષ્ઠાત્રી દેવી છે. વીણા તેનું ચિન્હ છે. ઉનાળાની ઉષ્ણ બપોરને એનો ગાયન સમય માનવામાં આવે છે. 'મ' યાને 'મધ્યમ' સ્વરનો અવાજ સારસ પક્ષીના ધ્વનિ પર આધારિત છે. કાળાશ પડતો લાલ એટલે કે 'મરુન' રંગના આ સ્વરનો ગ્રહદેવતા સૂર્ય છે, માણેક એનું રત્ન છે, વિષ્ણુ ભગવાન આ સ્વરના અધિષ્ઠા દેવ છે, ચક્ર એનું ચિન્હ છે અને વરસાદની ભીની સાંજ એનો ગાયન સમય છે.

'પ' અર્થાત્ 'પંચમ' રંગ લાલ અને અધિષ્ઠાત્રી દેવી લક્ષ્મી છે, એની નિશાની કમળ છે, કોયલ પક્ષીના ટહુકા ઉપર આધારિત એની ધ્વનિ છે, એનો ગ્રહ મંગળ છે, પરવાળું એનું રત્ન છે અને પાનખરની ઢળતી સાંજ એનો ગાયન-વાદન સમય માનવામાં આવે છે.

'ધ' એટલે 'ધૈવત' જેનો દેવતા ગણેશ છે. જેનું વાહન ઉંદર છે. જેનો રંગ પીળો છે. આ સ્વરનું રત્ન પોખરાજ છે. જેનો ધ્વનિ દેડકાના સ્વર ઉપર આધારિત છે, આ સ્વરને શિયાળાની મધ્યરાત્રીના શીતકાળમાં ગાવા કે વગાડવામાં આવે છે.

'નિ' અર્થાત્ 'નિષાદ'. આ સ્વરના દેવતા સૂર્ય છે તથા એનું વાહન સૂર્યરથ છે. 'નિ'નો રંગ રાખોડી છે તથા એની ધ્વનિ હાથીના અવાજ ઉપર આધારિત માનવામાં આવે છે. આ સ્વરને શિયાળાની સવારની ઠંડી ઋતુમાં ગાવામાં આવે છે.

આ રીતેત સંગીતના સાતે સ્વરો સા, રે, ગ, મ, પ, ધ અને નિ - દરેકની પોતાની તાસીર છે, પોતપોતાના અવાજનાં માધ્યમો છે, ગ્રહો છે, રત્નો છે, ચિન્હો છે તથા સમય અને અધિષ્ઠ દેવી-દેવતાઓ છે. એટલે જ સંગીતના સાતે સ્વરોની એક ચિત્ત સાધના કરવાથી અનાયાસે જ સર્વે દેવી-દેવતાઓની આરાધના એક સાથે થઈ જાય છે. શાસ્ત્રો અને વિદ્વાનો દ્વારા હંમેશા એ કહેવાતું આવ્યું છે કે શુદ્ધ સંગીતની સાધનાથી આત્માની ઉન્નતિ અને પરમાત્માની પ્રાપ્તિ થાય છે. આપણા ભારતીય તત્ત્વવેત્તાઓના મતાનુસાર સાચી કળા એને જકહી શકાય કે જે આત્માની મુક્તિ માટે ઉપકારક હોય. કલાનું અંતિમ લક્ષ્ય માનવીને ભૌતિક સંસારની આંટીઘૂંટીમાંથી બહાર કાઢીને સર્વે તૃષ્ણાઓથી મુક્ત કરીને એને મોક્ષ પ્રાપ્તિના માર્ગે અગ્રેસર કરાવવાનું છે.

તેથી જ શાસ્ત્રોમાં કહ્યું છે કે,

'વીણાવાદન તત્વજ્ઞઃ શ્રુતિજાતિ વિશારદઃ । તાલરીશ્ચા પ્રયાસેન મોક્ષમાર્ગ નિગચ્છતિ ॥'

અર્થાત્ જે વ્યક્તિ વીણા વાદનના તત્ત્વોનો જાણકાર છે, જે શ્રુતિ અને જાતિઓમાં વિશારદ અર્થાત્ પ્રવીણ છે તથા જે તાલશાસ્ત્રનો જ્ઞાતા છે તે વિના પ્રયાસે મોક્ષ પ્રાપ્તિના માર્ગે અગ્રેસર થઈ શકે છે. આ જ તો છે સંગીતનું, સ્વરોનું, લય-તાલનું અધ્યાત્મ, ચરમોત્કર્ષ, આત્માનંદ અને આનંદતત્ત્વ. માટે જ સ્વર એ ઈસ્વરનું સ્વરૂપ છે, તેનું પ્રતિનિધ્ધ છે. સ્વરોની, સંગીતની ઉપાસનાથી માનવ આપોઆપ પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરી શકે છે.